# વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસરોનો અભ્યાસ

ડૉ. રાજેશ. આઇ.ભટ્ટ
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન , સરદાર પટેલ યુનિવર્સિટી , વલ્લભ વિદ્યાનગર , આણંદ

## પ્રસ્તાવના

વર્તમાન સમયમાં શિક્ષણને લઈને ઘણી સમસ્યાઓ સામે આવી રહી છે. તેમાંય જે તે રાજ્યના શિક્ષણબોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની તેમજ જુદી-જુદી સરકારી કર્મચારીઓની ભરતી માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતાના ઓછા પ્રમાણ માટે ઘણા બધા પરીબળો, સમસ્યાઓ તેમજ પ્રશ્નો ભાગ ભજવતા હોય છે. તેમાંથી એક વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી પણ જવાબદારી બની શકે છે. જો શાળાની વાત કરીએ તો એક જ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જે તે વિષયના શિક્ષક પોતાની કોઈપણ એક જ શૈલી અધ્યાપન પદ્ધતિથી અધ્યાપન કરાવે છે છતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત જોવા મળે છે. આમ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત આવવા પાછળ વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી પણ જવાબદાર હોઇ શકે છે. તેથી વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી જવાબદાર છે કે કેમ તે જાણવું હોય તો વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી જાણવી ખુબ જ જરૂરી છે અને તે પ્રમાણે અધ્યયન કાર્ય હાથ ધરી શકાય, તેથી આ અભ્યાસમાં અધ્યયનશૈલીની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## સમસ્યા કથન

વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસરોનો અભ્યાસ

## અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

૧. ધોરણ ૭ના વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીનો અભ્યાસ કરવો.
૨. ધોરણ ૭ના વિદ્યાર્થીઓની શક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.
૩. ધોરણ ૭ના વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરનો અભ્યાસ કરવો.
૪. ધોરણ ૭ના વિદ્યાર્થીઓના વિસ્તારને આધારે અધ્યયનશૈલીની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરોનો અભ્યાસ કરવો.

## અભ્યાસની ઉત્કલ્પના

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં ઉત્કલ્પના નીચે પ્રમાણે રચવામાં આવી હતી.

$H0_1$: ધોરણ ૭ના ગ્રામ તેમજ શહેર વિસ્તારના મૂર્ત અનુભવો દ્વારા શીખનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રોપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H0_2$: ધોરણ ૭ના ગ્રામ તેમજ શહેર વિસ્તારના પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા શીખનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રોપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H0_3$: ધોરણ ૭ના ગ્રામ તેમજ શહેર વિસ્તારના અમૂર્ત કલ્પના દ્વારા શીખનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રોપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H0_4$: ધોરણ ૭ના ગ્રામ તેમજ શહેર વિસ્તારના સક્રિય અને પ્રયોગ દ્વારા શીખનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રોપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## અભ્યાસના ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ચલો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| સ્વતંત્રચલ | - અધ્યયનશૈલી |
| | - વિસ્તાર |
| પરતંત્રચલ | - શૈક્ષણિક સિદ્ધિ |
| અંકુશિતચલ | - શિક્ષણ પદ્ધતિની અસર, ગુજરાતી માધ્યમની શાળા, શિક્ષણનો સમય, વાતાવરણ, ધોરણ ૭ |
| આંતરવર્તીચલ | - એકાગ્રતા, અભિરૂચિ, સામાજિક સ્તર, માનસિક સ્થિતિ, વ્યક્તિત્વ, આર્થિક સ્થિતિ |

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## સંશોધન યોજના

આ અભ્યાસમાં સંશોધન યોજના અંતર્ગત આ અભ્યાસનું વ્યાપવિશ્વ, નમૂનો, ઉપકરણ, માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીતનો સમાવેશ કરેલ છે.

## વ્યાપવિશ્વ અને નમૂનો

આ અભ્યાસમાં આણંદ જિલ્લાની ગુજરાતી માધ્યમની ગ્રામ અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળામાં ધોરણ ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં સમસ્યા કથન અને હેતુઓને અનુરૂપ નમૂના પસંદગીની પદ્ધતિ પસંદ કરી હતી. જેમાં આણંદ જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાના ધોરણ ૭માં અભ્યાસ કરતા ગ્રામ વિસ્તારની શાળામાંથી ૨૦૦ અને શહેર વિસ્તારની શાળામાંથી ૨૦૦ એમ કુલ ૪૦૦ વિદ્યાર્થીઓનો નમૂના તરીકે પસંદ કરવામાં આવેલ હતા.

## ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં અધ્યયન શૈલી કે જે સ્વતંત્ર ચલ છે તેના માપન માટે ડૉ. પરમાર રચિત અધ્યયનશૈલી ઉપકરણનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આ ઉપકરણ દ્વારા વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી ચાર વિભાગ જેવા કે મૂર્ત અનુભવ દ્વારા, પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા, અમૂર્ત કલ્પનાઓ દ્વારા તેમજ સક્રિય અને પ્રયોગ દ્વારા જેવા વિભાગમાં વહેંચેલ હતી. શૈક્ષણિક સિદ્ધિના માપન માટે જે તે શાળાના દફતરમાંથી ધોરણ ૭ની પ્રથમ સત્રાંત પરીક્ષામાં મેળવેલ ગુણ લેવામાં આવ્યા હતા.

## માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ

આ અભ્યાસમાં પ્રાથમિક શાળાના ધોરણ ૭ના વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી માપવા માટે ડૉ. પરમાર રચિત અધ્યયનશૈલી ઉપકરણ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી અધ્યયનશૈલી પરના પ્રાપ્તાંકો મેળવી તેમને ચાર સ્તરમાં વિભાજન કરવામાં આવ્યા, ત્યારબાદ સમસ્યાના હેતુઓને અનુરૂપ અધ્યયન શૈલીની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસર તપાસવા માટે આંકડાશાસ્ત્રની - ટી કસોટીનો ઉપયોગ થઇ શકે તે રીતે મળેલ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવેલ હતું. જેમાં આણંદ જિલ્લાના પ્રાથમિક

શાળાના ધોરણ ૭માં અભ્યાસ કરતા ગ્રામ અને શહેર વિસ્તારના જુદા-જુદા અધ્યયનશૈલી ધરાવનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થકતા ચકાસવામાં આવી હતી.

## અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્ત્વ આ મુજબ છે.

૧. વિદ્યાર્થીઓને શીખવવા માટે કઇ પદ્ધતિ સૌથી વધુ અનુકૂળ છે, તે જે તે વિષયના શિક્ષક જાણી તેને અનુરૂપ અધ્યયન અનુભવો આપવા માટે શિક્ષક પક્ષે મદદરૂપ થશે.
૨. જો વિદ્યાર્થીઓની શૈલી જાણવા મળે તો તેવા વિદ્યાર્થીઓને તે અધ્યયનશૈલીથી ભણાવી શકે તે માટે શિક્ષક પક્ષે મદદરૂપ થાય.
૩. વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી જાણી, તેમની અધ્યયનશૈલી નકારાત્મકતા ધરાવતી હોય તો તે સુધારણા માટે યોગ્ય માર્થદર્શન આપી શકાય.
૪. ભાવિ સંશોધન ક્ષેત્રે કાર્ય કરવા માટે જે તે સંશોધકને પ્રેરણા મળી રહેશે.

## મર્યાદા

૧. પ્રસ્તુત અભ્યાસ આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં અભ્યાસ કરતા ધોરણ - ૭ના વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત રહેશે.
૨. આ અભ્યાસ માટે ૩ શહેરી અને ૩ ગ્રામ શાળાઓના ૪૦૦ વિદ્યાર્થીઓના નમૂના પર સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

## તારણો

પ્રસ્તુત સંશોધનના તારણો આ પ્રમાણે હતા.

૧. ગ્રામ અને શહેરી વિસ્તારના મૂર્ત અનુભવો દ્વારા, પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા, અમૂર્ત કલ્પનાઓ દ્વારા શીખનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકો સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.
૨. ગ્રામ અને શહેરી વિસ્તારના સક્રિય અને પ્રયોગ દ્વારા શીખનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારના સક્રિય અને પ્રયોગ દ્વારા શીખનાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ભિન્ન છે. ઉપરાંત ગ્રામ કક્ષાના વધુ વિદ્યાર્થીઓ આ શૈલી ધરાવતા જોવા મળ્યા હતા, જેઓની શૈક્ષણિક સિદ્ધિનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

## ફલિતાર્થો

૧. ધોરણ ૭માં પ્રવેશ પહેલાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીનું માપન કરવું જોઇએ.
૨. વર્ગખંડમાં વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનું માપન કરી જાણકારી મેળવી તે પ્રમાણે જે તે વિષયના શિક્ષકે અધ્યાપન કાર્ય કરાવવું જોઇએ.
૩. શિક્ષકો માટે અધ્યયન શૈલીની જાણકારી આપવા માટેના સેવાકાલિન કાર્યક્રમો સરકાર દ્વારા થાય તે જરૂરી છે.
૪. શિક્ષકો દ્વારા પરંપરાગત સ્વીકારાયેલ અધ્યાપન શૈલી વ્યાખ્યાન પદ્ધતિને તિલાંજલી આપી, નથી અધ્યાપન પદ્ધતિઓ કે જે અધ્યાપન શૈલીનું સુચારું આદાન પ્રદાન કરતી હોય તે અપનાવવાની શીખવાની તૈયારી રાખવી જોઇએ.
૫. શાળાઓ દ્વારા એવી વ્યવસ્થાનું નિર્માણ કરવું જોઇએ કે જેમાં વિદ્યાર્થીઓ પોતાની પ્રકૃતિ શૈલીથી શીખવા માટે વિશાળફલક પ્રાપ્ત કરી શકે.

## ભાવિ સંશોધન અંગેની ભલામણો

૧. વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી તેમજ શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સહસંબંધનો અભ્યાસ.
૨. અપવાદરૂપ વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી અને શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ.
૩. ઉચ્ચ તેમજ નિમ્ન સફળતા પ્રાપ્ત કરવાવાળા વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીનો અભ્યાસ.
૪. વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીમાં અવરોધક અને સહાયક ઘટકોનો અભ્યાસ.
૫. છોકરો અને છોકરીઓની અધ્યયન તેમજ શૈક્ષણિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ.

## ઉપસંહાર

શિક્ષણમાં અધ્યયનશૈલીનું મહત્ત્વ ઘણું જ છે. અધ્યયનશૈલીએ બાળકને ભણવા બાબતમાં રસ જાગ્રત કરતી બાબત છે. જો કોઇ પણ શિક્ષક પોતાના વિષયને અનુરૂપ વિદ્યાર્થીઓને યોગ્ય અધ્યયનશૈલી દ્વારા અભ્યાસ કરાવશે તો વિદ્યાર્થીઓને પણ જે તે વિષય વસ્તુ શીખવામાં સમજવામાં આનંદ આવતો હોય છે. ભણતર એ તેમના માટે ભાર વગરનું બનતું હોય છે. આમ વિદ્યાર્થીઓને અધ્યાપન કાર્યમાં પ્રમુખ મહત્ત્વ આપી તેઓને અનુકૂળ અધ્યયનશૈલીનો ઉપયોગ કરશો તો જ તે ભણતર ભાર વગરનું બનતું હોય છે. તેમજ શિક્ષક પક્ષે પણ વિદ્યાર્થીઓને યોગ્ય અધ્યયનશૈલી જાણી પોતાની વિષયવસ્તુ વિદ્યાર્થીઓ સમક્ષ પીરસશે તો અભ્યાસક્રમ સમયસર પૂર્ણ કરી શકશે તેમજ પોતાના વ્યવસાય પ્રત્યેનો સંતોષ, વિદ્યાર્થીઓ પ્રત્યેનું મમત્વ જળવાય રહેશે સાથે-સાથે વિદ્યાર્થીઓ જો નકારાત્મક શૈલીના શિકાર બન્યા હોય તો શિક્ષકને પણ એની ખબર પડશે કે તેમને કેવા પ્રકારનું માર્ગદર્શન આપી અધ્યાયન શૈલીના અવરોધક પરીબળો જાણી દૂર કરવા માટે હકારાત્મક પ્રયત્ન કરી શકશે. શિક્ષણને હકારાત્મક બનાવવું હોય, વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા વધારવી હોય તો વિદ્યાર્થીએ પણ પોતાની અનુકૂળ અધ્યયનશૈલી જાણી લેશે તો તેનો ફાયદો અવશ્ય થવાનો જ છે. માટે અહીં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયનશૈલીની શૈક્ષણિક સિદ્ધિ પર અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## સંદર્ભ

૧. Brog, W.R. & M.D. Gall, (1983), Education, Research An Introduction4 Longman, New York P. 147.
૨. દેસાઇ, એચ. જી. અને દેસાઇ કે. જી. (૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.